

# આવો, પુસ્તકાલયની (લાયબ્રરીની) મુલાકાત લો

*‘‘શબ્દો સાથે તમે સમજવાનું શીખો છો.*
*શબ્દો સાથે તમે સમજાવવાનું શીખો છો.*
*અને શબ્દો આપણને એકસાથે રહેવામાં મદદ કરે છે’’.*

BENKT-ERIK HEDIN

જે બાળકને જીવનની શરૂઆતમાં કથાઓ અને વાર્તાઓ સાંભળવા મળે છે, એનો ભાષા માટે ઉત્તમ સમજણનો વિકાસ થાય છે. મોટેથી વાંચીને તમારા બાળકોને સંભળાવવાથી મહત્ત્વની રીતે એમની ભાષાની કુશળતાઓની અને કલ્પનાની ઉત્તેજના થાય છે.

તમે તમારા બાળકોની ભાષાની કુશળતાઓને શુદ્ધ કરવા, એમને સાંભળીને અને એમની સાથે બોલીને મદદ કરી શકો છો. જે પણ બધું તમે સાથે મળીને કરશો, એનાથી તમારા બાળકોની ભાષાની કુશળતાઓ સુધરશે. વાંચો, ગાઓ, વાર્તાઓ કહો, સમજાવો, તમારા બાળકો સાથે રમો! જ્યારે એ નાના બાળકો હોય છે ત્યારથી જ શરૂ થાઓ, પહેલી મિનિટથી જ, કારણકે ત્યારે જ એમની ભાષાની કુશળતાઓનો પાયો નંખાશે.

તમારા બાળકો સાથે તમારી માતૃભાષાનો ઉપયોગ કરો. જે બાળકોની માતૃભાષાનો સારો વિકાસ થયો હોય છે એમને માટે બીજી ભાષાઓ શીખવાનું સહેલું રહે છે.

બધી ઉંમરના બાળકો માટે લાયબ્રરીમાં (પુસ્તકાલયમાં) પુસ્તકો છે. શિશુઓ માટે બોર્ડ પુસ્તકો, ચિત્રોની ચોપડીઓ, રાઈમના પુસ્તકો, કવિતાના પુસ્તકો, ઉલ્લેખના પુસ્તકો, પરીકથાના પુસ્તકો અને વાર્તાઓ હોય છે.

બધી ઉંમરના લોકો માટે લાયબ્રરીમાં ઘણી બધી ભાષામાં પુસ્તકો છે.
તમે જે શોધી રહયા છો એ મેળવવા માટે તમારી મદદ કરવા અમે ખુશ થઇશું.
અને પુસ્તકોને ઉછીના લેવાનું મફત છે!

પુખ્તવયના લોકો માટે પણ લાયબ્રરીમાં પુસ્તકો છે, અનેક વિષયો પર જેવા કે, બાળપણની માંદગીઓ, બાળમનોવિજ્ઞાન, બાળઉછેર વગેરે, અને બાળકો તથા પુખ્તવયનાઓ માટે અનેક ભાષાઓમાં પુસ્તકો છે.

તમને લાયબ્રરીમાં મળીશું!






ILLUSTRATIONER: MARGARETA NORDQVIST

Länsbiblioteken i samarbete med Internationella biblioteket i Stockholm.

Gujarati